Grain (ગ્રેઇન) દાણા; અનાજ.
Tame (ટેઇમ) હળી ગયેલું
Hul-lo (હલૂ) અલ્યા! હે!
What's the matter=શું છે.
Are pulling (પુલિંગ) ખેંચે છે.
Quick (ક્વિક) જલદી [નથી.
Don't you see=શું તું જોતો
Snake (સ્નેઇક) સાપ.
Back (બૅક) પાછા ફર્યા.
Hissed (હિસ્ડ) ફુંફાડા મારતો હતો.
Nearly=ઘણું કરીને.
Put (પુટ) મુકયો.

Angry (ઍન્ગ્રિ) ગુસ્સે.
Is holding (હોલ્ડિંગ) ધરે છે.
Cobra (કોબ્રા) અજગર, નાગ.
Bit (બિટ) કરડે [જાય.
Thou could die=તું મરી
Could save (સેઇવ) બચાવે.
Snake-king (સ્નેઇક કિંગ) સાપનો રાજા
Keep far away=દૂર રહો.
Hole (હોલ) દર
Every one=દરેક જણ.
Is afraid of it=તેનાથી બ્હીએ છે
Pulled (પુલ્ડ) ખેંચ્યો
Safe (સેઇફ) સહીસલામત
Next (નેક્સ્ટ) પાસેના
Good bye (ગુડબાઇ) સાહેબજી.
Do you know=શું તમે જાણો છો
Runs away=દોડી જાય છે.
That is way=તે કારણથી.
Still (સ્ટિલ) શાંત, ચુપચુપ
Hare (હેર) સસલું.
Ears (ઇઅર્ઝ) કાન
The dogs try to catch it=કુતરા તેને પકડવાની કોશીશ કરે છે.
But they never catch=પણ તેઓ કદી પકડી શકતા નથી.

Too fast=જોઇતો તે કરતાં જલદી.
Walking along the field=ખેતરમાં થઇ ચાલી આવનો:
Narsoo (નરસૂ) નામ છે.
Farmer (ફારમર) ખેડુત.
To plough=ખેડવુ
Is taking=લઇ જાય છે,
Oxen (ઑક્સન) બળદો.
Early (અર્લિ) વહેલું.
Let us go back now ચાલો હમણા આપણે પાછા જઇએ.
Another way=બીજે રસ્તે
We have had quite a long walk=આપણે છેક લાંબી મુસાફરી કરી છે
Beast (બીસ્ટ) જનાવર: પશુ
Standing (સ્ટૅન્ડિંગ) ઉભેલું.
Shall we run away=શું આપણે દોડી જઇશું.
Elephant (એલિફન્ટ) હાથી.
Strong (સ્ટ્રૉન્ગ) જોરાવર.
Quite (કવાઇટ) છેક.
Tame (ટેઇમ) હળી ગયેલું.
Hurt (હર્ટ) ઇજા કરવી.
Will not hurt=ઇજા કરશે નહીં.
Hanging down (હૅંગિન્ગ) નીચે લટકતી.
In front of=સામે.
Nose (નોઝ) નાક.
Trunk (ટ્રન્ક) સુંઢ.
As well=વળી.
Can pick up (પિક) ઉપાડી શકે છે.
Feeds (ફિડસ) ખાય છે.
Himself (હિમસેલ્ફ) પોતે.
Plantains (પ્લેનટેન્સ) કેળાં.
Now let us go home હવે ચાલો આપણે ઘેર જઇએ.

---

26 THE SUN AND THE MOON

Sun (સન) સૂર્ય
Moon (મૂન) ચંદ્રમાં
Have=ને હોય છે,
Shape (શેઇપ) ઘાટ
Ball (બૉલ) દડા.
Ball of fire=અગ્નિના ગોળા
If there were no sun= જો સુરજ ન હોત તો.
Things (થિંગ્ઝ) વસ્તુઓ.
Would be=થઇ જાત.
Dark (ડાર્ક) અંધારી.

Cold (કોલ્ડ) થંડી.
Plants (પ્લૅન્ટ્ઝ) છોડવા.
Could grow (ગ્રો) ઉગી શકત,
Would die=નાશ પામત,
Are far off from us=આપણાથી ઘણે દૂર છે.
Wide (વાઇડ) વિસ્તારવાળા.
Plain (પ્લેઇન) મેદાન.
Shines (શાઇન્ઝ) પ્રકાશે છે.
By night=રાત્રે.
Light (લાઇટ) અજવાળું.
Bright (બ્રાઇટ) પ્રકાશીત; ચકચકિત.
Is not so bright as the sun=અને તે સૂર્ય જેટલો પ્રકાશીત છે તેટલો તે નથી.
Of its own=પોતાનું.
The moon has no light of its own=ચંદ્રને પોતાનું અજવાળું નથી.

---

30 BOYS

Good (ગુડ) સારો.
Truth (ટ્રુથ) સાચું.
Wise (વાઇઝ) ડાહ્યો,
Lessons (લેસન્સ) પાઠો.
Well (વેલ) સારી રીતે
Brave (બ્રેઇવ) બહાદુર
Lie (લાઇ) જુઠું
To tell a lie=જુઠું બોલવું.
Will not tell a lie=જુઠું બોલશે નહીં.
The strong (સ્ટ્રૉન્ગ) જબરો. (છોકરો)
To help (હેલ્પ) મદદ કરવાને.
The weak (વીક) નબળાને.
Will try (ટ્રાય) યત્ન કરશે,
Loving (લવિંગ) પ્રેમાળ,
Obeys (ઓબેઝ)–નું કહ્યું માને છે.
Kind (કાઇન્ડ) માયાળુ,
Helps (હેલ્પ્ઝ) મદદ કરે છે,
The boy who=જે છોકરા.
Wishes (વિશિઝ) માંગે છે –તે ઇચ્છે છે,
To be a good man=સારો માણસ.
Will begin (બીગિન) શરૂ કરશે.
That he can=પોતે કરી શકે તે.

COLOURS

Colours (કલર્સ) રંગ
Crass (ગ્રાસ) ઘાસ.

Green (ગ્રીન) લીલું.
Blue (બ્લુ) આસમાની રંગનું
Dew (ડ્યૂ) ઝાકળ.
Gold (ગોલ્ડ) સોનું.
Yellow (યલો) પીળું,
Silver (સિલ્વર) રૂપું.
White (વ્હાઇટ) સફેદ; ધોળું
Iron (આયર્ન) લોઢું
Heavy (હેવિ) ભારે
Feathers (ફેધર્સ) પીછા.
Light (લાઇટ) હલકાં.
Rubies (રૂબિઝ) માણેક.
Red (રેડ) રાતું.
Diamonds (ડાઇમન્ડઝ) હીરા
Copper (કૉપર) ત્રાંબુ
Brown (બ્રાઉન) ભૂરા રંગનું
(Steel) ગજવેલ
Grey (ગ્રે) ધોળા રંગનુ; ભૂરૂં
At break of day=પ્હો ફાટતાં.

31 FLOWERS AND LEAVES.

Bunch (બન્ચ) ઝુમખું
Flowers (ફ્લાવર્સ) ફુલ.
Leaves (લીવ્ઝ) પાંદડાં,
Buds (બડ્ઝ) કળીઓ
Pretty (પ્રિટિ) સુંદર.
Roses (રોઝિઝ) ગુલાબના ફુલો.
Queen (ક્વીન) રાણી.
Smell (સ્મેલ) વાસ આપે છે.
Sweet (સ્વીટ) સરસ.
Will get=થશે.
Bigger (બિગર) વધારે મ્હોટા.
Open (ઓપન) ખીલવું.
Will open=ખીલશે.
Drops (ડ્રોપ્ઝ) ટીપા.

32 LITTLE BOY'S GOOD NIGHT.

(લિટલ બૉયઝ ગુડ નાઇટ) નાના છોકરાની રાતની સલામ.

No longer (નો લૉન્ગર) વધારે વાર નહિ.
Light (લાઇટ) અજવાળું.
Stars (સ્ટાર્ઝ) તારાઓ.
Begin (બિગિન) શરૂ કરેછે.
To peep (પીપ) ડોકિયાં કરવું.
It is time to say (ઇટ ઇઝ ટાઇમ ટુ સે) કહેવાનો વખત થયો છે.
Good night (ગુડ નાઇટ) રાતની સલામ,

Bird's (બર્ડ્ઝ) પક્ષીઓ.
Are asleep (ઍરસ્લીપ) ઉંઘેછે.
Darling (ડારલિંગ) વ્હાલા.
Sleep (સ્લીપ) ઉંઘો.
Well (ઉવેલ) સારી રીતે.
Can sing=ગાઇ શકતે.
Shine (શાઇન) પ્રકાશે છે.
You cannot go to sleep= તમે ઊંધી શકતા નથી.

Awake (અવેઇક) જાગૃત; જાગતા.
Dear (ડીયર) વ્હાલા
Kiss (કિસ) ચુમી લ્યેઓ.
Son (સન) દીકરા
Far and near=દૂરના અને નજદીકના

આપણી નિશાળ.

ગોવીંદ સોમવારે સવારે નિશાળે જતો હતો. ગોપાળ તેને મળવાને તરતજ અંદર આવ્યો. ગોપાળ તેનો મિત્ર છે. તે પાસેના ઘરમાં રહે છે.

ગોપાળ—સાહેબજી ગોવીંદ. તમે નિશાળે જાઓ છો ?

ગોવીંદ—સાહેબજી, ગોપાળ. હા, જવાનો વખત થયો છે. હું હમણાંજ નીકળું છું.

ગોપાળ—મને તમારી સાથે તેડી જશો ? મારા બાપે મને તમારી નિશાળે જવાનું કહ્યું. હું તમારી સાથે આવું ?

ગોવીંદ—અરે હા ? ચાલોની. હું તમને મારી સાથે લઇ જઇશ. જુઓ ? મારા વર્ગના ઓરડાનું ચિત્ર આ રહ્યું. આ મારી નિશાળના કારકુને તે પાડયું હતું.

ગોપાળ—કેવું સારૂં ચિત્ર છે ? હું તમને તેમાં જોઉં છું. ત્રણ છોકરા સાથે મેજ ઉપર તમે બેઠા છો.

ગોવીંદ—તે મેજ નથી. તે ઢળતું મેજ છે. ત્યાં હું ને બીજા ત્રણ છોકરા એક પાટલી પર બેઠા છીએ અને ઢળતું મેજ અમારી આગળ છે. અમારી સ્લેટ તેના પર પડેલી છે. અમારી પછવાડે બીજી ડેસ્ક છે અને બીજા ચાર છોકરા તેના પર બેઠા છે. તમે તેમને ચિત્રમાં જોઇ શકતા નથી. તે ઘણું નાનું છે. પણ તમે એક છોકરાને જોઇ શકો છો.

ગોપાળ—પેલા ઉંચા ઉભેલા ગૃહસ્થ કોણ છે ? તેણે પાઘડી પહેરેલી છે.

ગોવીંદ—એ અમારા વર્ગના શિક્ષક છે.

ગોપાળ—એ શું કરે છે ?

ગોવીંદ—એ અમને શીખવે છે. તેનો ડાબો હાથ પૃથ્વીના ગોળાપર છે. તેની આંગળી હિંદુસ્તાન બતાવે છે. તે કહે છે કે છોકરાઓ આ હિંદુસ્તાન છે. આપણો દેશ છે. પૃથ્વીનો જેવો આકાર છે તેવો તે ગોળાનો છે. તે ગોળ છે. તે એક ઉંચી બેઠક ઉપર છે. તેની પાસે અમારા મહેતાજીનું મેજ છે.

ગોપાળ—દીવાલ ઉપર પેલાં ચિત્ર કયા છે ?

ગોવીંદ—તે નકશા છે. એક ઇંગ્લાંડનો નકશો છે. બીજો હિંદુસ્તાનનો નકશો છે. જયારે તમે નિશાળે આવશો ત્યારે હું તમને વર્ગમાંની બધી ચીજો બતાવીશ. ચાલો હવે આપણે જઇએ નહિ તો આપણે મોડા થઇએ. આ નિશાળમાં ભરવાના દહાડાનો પહેલો દિવસ છે. આજે નિશાળ ઉઘડે છે. ઘણા છોકરા આવશે. તમે તમારી જુની નિશાળ છોડી દીધી છે ?

ગોપાળ—હા. ત્યાં અંગ્રેજી શીખવાતું નથી. મારે અંગ્રેજી ભણવું છે.

ગોવીંદ-પણ તમે અંગ્રેજીમાં વાત કરી શકો છો. તમને વાત કરતાં કોણે શીખવ્યું ? તમે અંગ્રેજી લખી તથા વાંચી પણ શકો છો ?

ગોપાળ—મારા બાપા અંગ્રેજી સારૂં જાણે છે. તેણે મને વાત કરતાં શીખવ્યું. તેણે કહ્યું. પહેલા વાત કરતાં શીખ, પછી વાંચતાં શીખ અને પછી લખતાં શીખ. એ શીખવાનો ઉત્તમ રસ્તો છે ?

ગોવીંદ—તમે અંગ્રેજી ઘણું સારૂં બોલો છો. તમને વાંચતાં ને લખતાં ઘણું સહેલું લાગશે.

ગોપાળ—નિશાળમાં હું કઇ ચોપડી વાંચું ?

ગોવીંદ—તમે પહેલી પ્રાયમર વાંચશો.

ગોપાળ—જયારે હું મહેતાજી સાહેબને મારા વર્ગ શિક્ષક સાથે વાત કરૂં ત્યારે મારે તેમને શું કહીને બોલાવવા ?

ગોવીંદ—તમારે દરેક શિક્ષકને સાહેબ કહેવા.

ગોપાળ—શું તમારી નિશાળમાં છોકરા રમે છે ?

ગોવીંદ—અરે હા! અમે ઘણી રમત રમીએ છીએ. અમે નિશાળમાં સખત મહેનત કરીએ છીએ, અને જયારે નિશાળમાંથી છુટી મળે છે ત્યારે રમીએ છીએ. હમે એક વસ્તુ એકી વખતે કરીએ છીએ અને તે સારી કરીએ છીએ.

ગોપાળ—મારા ભાઇએ મને ગઇ કાલે એક નવો દડો આપ્યો. તે મારી પાસે ઘેર આગળ છે. હું તેવતી આજ સાંજના રમીશ.

(૨) એકી વખતે એકેક ચીજ.

ગોપાળ નિશાળે ગયો.

ગોવીંદ તેને મહેતાજી પાસે લઇ ગયો.

તેણે તેને કહ્યું. તમે તમારા બાપનો કાગળ લાવ્યા છો ?

ગોપાળે કહ્યું ના સાહેબ, પણ હું ઘેર જઇને તે લઇ આવું. તેથી તે ઘેર ગયો. તેના બાપે તેને મહેતાજી ઉપર કાગળ આપ્યો.

મહેતાજીએ તે વાંચ્યો ને તેને એક વર્ગમાં બેસાડયો. સાંજરે તે ઘેર ગયો. તેણે નિશાળમાં આખો દીવસ કામ કર્યું હતું. તેણે પોતાના જોડા કાઢી નાંખ્યા ને પોતાનો નવો દડો લઇને વાડીમાં દોડી ગયો. ત્યાં તે જયાં સુધી થાકી ગયો ત્યાં સુધી રમ્યો.

કામ કરતા હો ત્યારે કામ કરો. રમતા હો ત્યારે રમો. હું કહું છું કે તે સુખી થવાનો રસ્તો છે.

જે સઘળું તમે કરો તે તમારા બળથી કરો.

કટકે કટકે કરેલી ચીજો કદી બરાબર થતી નથી.

જેમ ઘણાં કહે છે તેમ એકી વખતે એક ચીજ ને જો તે સારી કરેલી હોય તો તે નિયમ ઘણો સારો છે.

(૩) શહેનશાહ.

બાપ—મારા છોકરા અહિંઆ આવ. આ ચિત્ર તરફ જો.

છોકરો—બાપા? આ સદ્‌ગ્રહસ્થ કોણ છે?

બાપ—મારા છોકરા, આ શહેનશાહનું ચિત્ર છે.

છોકરો—બાપા, એનું નામ શું છે?

બાપ—એનું નામ જ્યોર્જ છે. આપણે એને પાંચમા જ્યોર્જ કહીએ છીએ. એ ગ્રેટબ્રિટન ને આયર્લાંડના રાજા અને હિંદુસ્તાનના શહેનશાહ છે.

છોકરો—આપણે એને પાંચમા જ્યૉર્જ કેમ કહીએ છીએ?

બાપ—એ નામના એ પાંચમા રાજા છે. ઘણા વખત પહેલાં ઇંગ્લાંડમાં જ્યૉર્જ નામના ચાર રાજા થઇ ગયા. આપણા રાજા પાંચમા જ્યૉર્જ છે.

છોકરો—બાપા, એ મોટા રાજા છે?

બાપ—હા, મારા દીકરા, એ આખી દુનીઆમાં સૌથી મોટા રાજા છે. અગાઉ કોઇ પણ રાજા થઇ ગયો તેના કરતાં એ વધારે માણસ પર રાજ્ય કરે છે.

છોકરો—બાપા, એ કયાં રહે છે?

બાપ—એ ઇંગ્લાંડમાં રહે છે. એ એનો સ્વદેશ છે.

છોકરો—એ કદી હિંદુસ્તાનમાં આવે છે?

બાપ—હા, એ હિંદુસ્તાનમાં બે વખત આવ્યા છે.

છોકરો—એ માયાળુ ને ભલા છે?

બાપ—અરે હા. મારા વહાલા દીકરા એ દરેક ઉપર માયાળુ ને ભલા છે. એ પોતાની રૈયતને ચાહે છે. જ્યારે તે સુખી હોય છે ત્યારે એ ખુશી થાય છે.

છોકરો—બાપા. શું એની રૈયત (લોકો) એને ચાહે છે?

બાપ—હા, એની સઘળી રૈયત એને ચાહે છે.

છોકરો—શા માટે તે એને ચાહે છે ?

બાપ—તે એને ચાહે છે કેમકે એ તેને ચાહે છે. તેઓ જાણે છે કે એ તેમને ચાહે છે. તેઓ જાણે છે કે એ માયાળુ અને ભલા છે. એ તેમની સંભાળ લે છે. એ તેમને સંકટમાંથી બચાવે છે. મારા દીકરા તારે પણ એને ચાહવા જોઇએ. એ આપણા રાજા છે.

છોકરો—મારા રાજા માટે હું કાંઇ કરૂં ?

બાપ—હા. મારા દીકરા તું એનું કલ્યાણ કરવાને પરમેશ્વરની પ્રાર્થના કર; એની સંભાળ લેવાનું અને એને સદા સલામત ને સુખી રાખવાનું ઇશ્વર પાસે માંગ.

ઇશ્વર આપણા રાજા મોટા જ્યૉર્જનું રક્ષણ કરો.
આપણા ઉમદા રાજા લાંબું જીવો.
ઇશ્વર રાજાનું રક્ષણ કરો.

૪ રોમન આંકડા.

બાપ—કેમ, ગોપાળ, તું એક મહિનો થયાં તારી નવી નિશાળે જાય છે. તને તે કેવી ગમે છે.

ગોપાળ—અરે બાપા ! મને તે ઘણી ગમે છે. મારા શિક્ષક મારાપર ને બીજા છોકરાપર ઘણા માયાળુ છે. હું દરરોજ કાંઇ નવું શીખું છું.

બાપ—તું દરરોજ કાંઇ નવું શીખે છે. શું તું નવું શીખે છે ! આજ તું શું શીખ્યો.

ગોપાળ—હમે રોમન આંકડા વિષે બધું શીખ્યા.

બાપ—રોમન આંકડા ! આંકડા શું છે તે તું જાણે છે ?

ગોપાળ—અરે હા. તમે મને તે ઘણા વખત ઉપર શીખવ્યું હતું. આંકડો એ સંખ્યાની નિશાની છે. હમારા શિક્ષક કહે છે કે આંકડાનું બીજું નામ આંક છે. દરેક સંખ્યાને આંકડો હોય છે.

બાપ—તું શું જાણે છે તે મને જોવા દે. તારી સ્લેટ મને આપ. હું તેનાપર એક બે ત્રણ ચાર સંખ્યા લખી લઇશ. હવે તેની પાસે દરેક સંખ્યા માટે આંકડા અથવા આંખ લખ.

ગોપાળ—અરે હા, બાપા! હું તે કરી શકું છું. આ રહી સ્લેટ ને આ રહ્યા આંકડા.

બાપ—હા, તે તદન ખરા છે. તું યાદ રાખે છે તે જોઇને હું ખુશી થયો છું. મને લાગે છે કે તું તારી જુની નિશાળમાં બધી સંખ્યા શીખ્યો હતો, શું તું શીખ્યો નથી?

ગોપાળ—હા. હું સંખ્યા શીખ્યો હતો, પણ તેના અંગ્રેજી નામ શીખ્યો નહોતો. તમે મને તે શીખવ્યું. અને તે સંખ્યાના નામની જોડણી કેમ કરવી તે હું શીખ્યો નહોતો. તે મારી નવી નિશાળમા હું તે શીખ્યો.

બાપ—વારૂ, તું આ નિશાનીને રોમન આંકડા કહે છે?

ગોપાળ—અરે ના? આંકડા લખવાની બે રીત છે પહેલાં હું આ રીતે શીખ્યો. પણ હમારા શિક્ષકે આજે મને બીજી રીત શીખવી.

બાપ—તો પણ તું આ રોમન આંકડા આજ લખી શકે છે?

ગોપાળ—મને તે હજી બરાબર લખતાં આવડતું નથી. પણ મારા શિક્ષકે મને એક નાનું પાનું આપ્યું. તેણે વર્ગમાંના દરેક છોકરાને એકેક આપ્યું. તેણે મને કહ્યું ગોપાળ આ પાનું તું ઘેર લઇ જજે. તેના પર એકથી બાર સુધીની સંખ્યા છે. અને તેના પર સાધારણ આંકડા ને રોમન આંકડા છે, તું ઘર આગળ લખતાં શીખજે.

બાપ—ગોપાળ પેલું પાનું ક્યાં છે.

ગોપાળ—બાપા, તે મારી પાસે ગજવામાં છે. આ રહ્યું.

બાપ—હા, આ ઘણું સારૂં પાનું છે. તું આ આંકડા હમણાં શીખવાનો છે?

ગોપાળ—ના, બાપા, મારે હમણાં રમવું છે. એક કલાક સુધી હું વાડીમાં રમીશ. ત્યાર પછી હું આ આંકડા લખતાં શીખીશ.

બાપ—અરે! તારા શિક્ષકે તને રમવાનું પણ કહ્યું?

ગોપાળ—હમારા શિક્ષકે કહ્યું કે છોકરાઓ જ્યારે દરરોજ તમે નિશાળેથી ઘેર જાઓ ત્યારે રમજો, અથવા ફરવા જજો, અથવા આમ તેમ દોડજો. એથી તમે મજબુત થશો, ને તમે તંદુરસ્ત રહેશો.

બાપ—એ તદ્દન સાચું છે. પણ ગોપાળ તું હવે ચાલ્યો જા ને રમ. કાલ સહવારે મારી પાસે આવજે અને તને રોમન આંકડા આવડે છે કે નહિ તે મને જોવા દેજે.

ઠંડો પવન વાય છે, ઉંડી નદી વહે છે, સફેદ ગાય બરાડે છે, લીલું ઘાસ ઉગે છે. સુંદર પક્ષીઓ ગાય છે, નિશાળનો ઘંટ વાગે છે, મોટા છોકરાઓ વાત કરે છે, નાના છોકરાઓ નિશાળમાં ચલેછે.

૫ શહેનશાહબાનુ.

આ ગ્રેટબ્રિટન ને આયર્લાંડની રાણી અને હિંદુસ્તાનની શહેનશાહ બાનુ મૅરી છે. તે જ્યોર્જ રાજાની સ્ત્રી છે. તે પોતાના ધણી સાથે ઈંગ્લાંડમાં રહે છે. તેનો વડો છોકરો એડવર્ડ પ્રિન્સ ઓફ વેલ્સ છે

પરમેશ્વર આપણી રાણીનું કલ્યાણ કરો!

૬ ઘડીઆળ.

ગોપાળ—સવારની સલામ—બાપા મને હવે રોમન આંકડા આવડે છે. મને તે ગઇ રાત્રે આવડયા, ને આજ સહવારે હું તેને ફરીથી જોઇ ગયો, હું તેઓને હમણાં વાંચી શકું છું.

બાપ—મારા દીકરા એ ખરૂં છે. તે સાંભળીને હું ખુશી થયો છું. હવે અહીંઆં આવ ને મારી ઘડીઆળમાં જો. તેના પર કોઇ રોમન આંકડો તું જોય છે?

ગોપાળ—હા, જે આંકડા હું શીખ્યો તેજ હું જોઉ છું. એકથી બાર સુધી આ રહ્યા. તે ઘડીઆળમાં બધે ફરતા છે.

બાપ—તેં ગઇ કાલે નિશાળમાં કોઈ ઠેકાણે તે જોયા હતા ?

ગોપાળ—અમારા શિક્ષકે કાળાં પાટિયાં પર તે લખ્યા હતા ને મેં તે પાનામાં જોયા. મેં બીજે કોઇ ઠેકાણે જોયા નહિ.

બાપ—ફરીથી વિચાર કર, નિશાળમાં મોટું ઘડીઆળ છે ?

ગોપાળ—અરે હા ? હવે મને ખબર પડી. મે આ આંકડા ઘડીઆળમાં જોયા. પણ તે શું હતા તે મેં જાણ્યું નહિ.

બાપ—મોટું ઘડીઆળ નાના ઘડીઆળ જેવુંજ છે. પણ મોટું ઘડીઆળ મોટું ને ભારે હોય છે. નાનું ઘડીઆળ ઘણું નાનું હોય છે. તું જો, હું મારૂં ઘડીઆળ મારા ગજવામાં મુકું છું. મોટાં ઘડીઆળ ને નાનાં ઘડીઆળના ચંદાપર એકજ નિશાની છે.

ગોપાળ—બાપા, આ નિશાની વિષે તમે મને બધું મહેરબાની કરી કહેશો ?

બાપ—મારી ઘડીઆળમાં જો. તેમાં તેની બધે ફરતી લિટી છે. એ લિટીને આપણે કુંડાળું કહીએ છીએ, તેની નીચે બીજું નાનું કુંડાળું તું જોશે. આ દરેક કુંડાળામાં આઠ કાળી નિશાની અથવા ટપકાં છે. જો તારી મરજી હોય તો તે ગણ. ગણી જો.

ગોપાળ—મોટાં કુંડાળાનાં ટપકાં હું ગણી શકતો નથી, પણ હું નાના કુંડાળામાં ટપકાં ભાગ્યેજ જોઇ શકું છું. તે ઘણા નાના છે.

બાપ—ઘડીઆળમાં કાંઇ ફરતું તું જોય છે ?

ગોપાળ—સોયના જેવી દેખાતી ત્રણ નાની ચીજ હું જોઇ શકું છું. તેમાં એક ઘણી નાની છે જે ઘણી ઝડપથી નાનાં કુંડાળામાં બધે ફરતી ચાલે છે. તેમાં એક લાંબી સોય છે જે મોટા કુંડાળાની આસપાસ ઘણી ધીમે ધીમે ચલે છે. તેમાં વળી ત્રીજી સોય છે, તે બીલકુલ ફરતી નથી

બાપ—આ ત્રણુ સોય ઘડીઆળનાં કાંટા છે.

ગોપાળ—બાપા, તે કાંટા કેમ કહેવાય છે?

બાપ—તે કાંટા કહેવાય છે કેમકે કુંડાળામાં કાળી નિશાની ઓને બતાવે છે. જે નાનો કાંટો આટલી ઝડપથી દોડે છે તે સેકન્ડ કાંટો છે. ત્રણમાંનો સૌથી લાંબો કાંટો મીનીટ કાંટો છે. તું તેને ચાલતાંજ જોઇ શે. ત્રીજો કલાક કાંટો છે. તે પણ ચાલે છે, પણ તે એટલો ધીમે ચાલે છે કે તું તેને ચાલતાં જોઇ શકતો નથી.

ગોપાળ—હું સમજું છું, હું સમજું છું. બાપા મારી ઘડીઆળ વિષે કાંઇ વધારે મને કહી શકશો.

બાપ—મારા દીકરા હમણાં નહિ. તારી મા તને બોલાવતી હોય એમ મને સંભળાય છે. નાસ્તો તૈયાર થયો છે. નાસ્તો કરવા દે.ડ. જયારે તું આજે નિશાળે જાય ત્યારે વખતનું કોષ્ટક શીખજે. કાલ સહવારે મારી પાસે આવજે ને હું તને ઘડીઆળ વિષે વધારે કહીશ

(૭) પ્રિન્સ ઓફ વેલ્સ.

બાપ- ગઇ કાલે મેં તને શહેનશાહ પાંચમા જ્યૉર્જનું ચિત્ર બતાવ્યું હતું. આ એક બીજું ચિત્ર છે. તેં કોઇ દહાડો જોયું હતું.

છોકરો—હા, બાપા, તે ચોપડીનાં પુઠાં પર છે.

બાપા—તે કોણ છે તે તુ જાણે છે

છોકરો—ના તે કોણ છે? મહેરબાની કરીને મને કહો

બાપ—તે વેલ્સનો પાટવી કુંવર એડવર્ડ છે. એ રાજાનો સૌથી મોટો છોકરો છે. એક દીવસ જો ઇશ્વરની મરજી હશે તો તે રાજા થશે. હાલ તે કુંવર છે. આપણે તેની સંભાળ લેવાને પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ.

ઇશ્વર પ્રિન્સ ઓફ વેલ્સનું કલ્યાણ કરો.

(૮) ઘડીઆળ (ચાલુ)

ગોપાળ—બાપા, હું આ રહ્યો. તમે મને કહ્યું હતું કે આજ સહવારે મારાં ઘડીઆળ વિષે હું વધારે કહીશ.

બાપ—બહુ સારૂં, મારા દીકરા. મને યાદ છે. પણ મેં તને કાંઇ કરવાનું કહ્યું હતું. તને તે યાદ છે ?

ગોપાળ—હા, બાપા, ખરેખર મને યાદ છે. મને વખત વિષે બધું આવડે છે. ગઇ કાલે તે કોષ્ટક હું શીખ્યો.

બાપ—તું શીખ્યો, શું તું શીખ્યો ? તારી પરિક્ષા લેવા દે, કેટલા કલાક હોય છે ?

ગોપાળ—દીવસના બાર કલાક હોય છે ને રાતના બાર કલાક હોય છે.

બાપ—સારૂં, એક કલાકની કેટલી મીનીટ થાય છે તે મને કહો.

ગોપાળ—એક કલાકની સાઠ મીનીટ થાય છે ?

બાપ—એક મીનીટની કેટલી સેકન્ડ થાય છે.

ગોપાળ—એક મીનીટની સાઠ સેકન્ડ થાય છે.

બાપ—શાબાશ! હવે અહીંઆં આવ. હું મારી ઘડીઆળ તારા કાન પાસે ધરીશ. તું શું સાંભળે છે ?

ગોપાળ—હું ટીક, ટીક, ટીક ટીક સાંભળું છું.

બાપ—હા, ઘડીઆળ ટીક ટીક કરે છે. દરેક ટીક એક સેકન્ડ થાય છે. એક મીનીટની સાઠ સેકન્ડ થાય છે. ઘડીઆળ એક મીનીટમાં સાઠ વખત ટીકનો અવાજ કરે છે

બાપ—હવે લાંબા મીનીટના કાંટા તરફ જો તે મોટા કુંડાળામાં એક કાળાં ટપકાથી બીજા ટપકા સુધી એક મીનીટમાં ચાલે છે. તે એક કલાકમાં ફરી ફરી વળે છે.

ગોપાળ—હું સમજ્યો. તે પ્રમાણે નાનો સેકન્ડ કાંટો મીનીટ કાંટાની જેટલી ઝડપથી સાઠ ગણો જલદી ચાલે છે!

બાપ—ઘણું સાચું. હવે કલાકના કાંટા તરફ જો. તું તેને ચાલતાં જોઇ શકશે નહિ. પણ તે ફરેજ છે. તે એક આંકડાથી બીજા આંકડા સુધી એક કલાકમાં ચાલે છે. બાર કલાકમાં બરાબર ગોળ ફરી રહે છે.

ગોપાળ—કલાક કાંટો એક આંકડાથી બીજા આંકડા સુધી ફરે છે. તેટલામાં મીનીટ કાંટો બાર આંકડા ફરે છે. તે બારગણું ઝડપથી ફરે છે.

બાપ—એ ખરું છે. મારી ઘડીઆળમાં જો. કેટલા વાગ્યા છે

ગોપાળ—કલાક (ઑકલોક) એટલે શું ?

બાપ—ઑકલોક એ (ઑફ ધી કલૅાક) "ઘડીઆળનાં માટે ટુંકો શબ્દ છે. જ્યારે હું કહું છું કેટલા વાગ્યા ત્યારે મારી કહેવાની મતલબ એ છે જે હમણાં ઘડીઆળમાં કયો કલાક થયો છે. કલાક કાંટો કેટલા કલાક ને મીનીટ કાંટો કેટલી મીનીટ બતાવે છે?

ગોપાળ—કેટલા વાગ્યા છે તે હું કહી શકતો નથી.

બાપ—કલાક કાંટો જરા નવથી ઉપર બતાવે છે. તેથી નવ વાગી ગયા છે. મીનીટ કાંટો કુંડાળાનો ચોથો ભાગ બતાવે છે. તેથી સવાનવ થયા છે.

પા કલાકની પંદર મીનીટ થાય છે. હવે આ પાનાંમાં જો. મેં તારે માટે બનાવ્યાં છે. દરેક પાનું ઘડીઆળનાં ચંદાના ચિત્રનું છે. તેમાં કલાક કાંટો અને મીનીટ કાંટો છે. મેં તેમાં સેકન્ડ કાંટો મુકયો છે. તું તે નિશાળે લઇ જજે ને તારા શિક્ષકને તે બતાવજે. વખત કેવી રીતે કહેવો તે તને કહેશે. ચાલો આપણે નાસ્તો કરવા જઇએ. ઘડીઆળ કહે છે ટીક, ટીક, ટીક, તમારે જે કરવાનું હોય તે જલદી કરો.

વખત જલથી જતો રહે છે.

તમારે જે કંઇ કરવું હોય તો આજેજ કરો.

૯-ટપાલવાળો.

અનંત નવ વરસની ઉમરનો નાનો છોકરો હતો. તે હંમેશા ગામડામાં રહેતો હતો. તે પોતાના પિત્રાઇ ભાઇ ગોવીંદ સાથે પુનામાં રહેવા આવ્યો હતો. તે ગોવીંદને ગુંડુ કહેતો ને ગોવીંદ તેને અંતુ કહેતો.

જ્યારે તે પુનામાં આવ્યો ત્યારે તે બહુ થાકી ગયો હતો. સાંજના મોડું થયું હતું. તેણે થોડો ખોરાક ખાધો ને સુવાને ગયો. તે આખી રાત ઘસઘસાટ ઉંઘ્યો. બીજે દીવસે સહવારે તે વહેલો ઉઠયો. જ્યારે તે નાહ્યો ને લુગડાં પહેર્યાં ત્યારે તે પોતાના પીત્રાઇ ભાઇ ગુંડુ સાથે ઘરના આગળા ઓરડામાં ગયો. આગલું બારણું ઉઘાડું હતું.

અંતુ—હું બારણા આગળ કોઇ માણસને ઉભો રહેલો જોઉં છું. ગુંડુ એ કોણ છે! એને શું જોઇએ છે?

ગુંડુ—અરે અંતુ, તેં કદી ટપાલવાળાને જોયો નથી? એ ટપાલવાળો છે.

અંતુ—તે હાથમાં શું પકડી રહ્યો છે?

ગુંડુ—એ કાગળ છે. તે મારે કે મારા ભાઇને માટે તે અહીંઆં લાવ્યો છે. મારા બાપા મુંબાઇ છે. તેણે હમને કાગળ લખ્યો છે.

અંતુ--તે શું ઉંચકી લઇ જાય છે? પોતાના ડાબા હાથથી તેણે કંઇ પકડયું છે.

ગુંડુ--તે ભુરી ચામડીની કોથળી છે. તે ચામડીના પટાથી લટકાવેલી છે. તે તેના ખભા ઉપર થઇને જાય છે.

અંતુ--તે કોથળીમાં શું છે?

ગુંડુ—એ કોથળી કાગળોથી ભરેલી છે. તે તેને બીજે ઘેર લઇ જાય છે.

ટપાલવાળો--સાહેબ, આ તમારો કાગળ છે.

ગુંડુ—તમારો આભાર માનું છું. આજે હમારા ઘરનો આ એકજ કાગળ છે?

ટપાલવાળો—હા, સાહેબ, આજે એટલોજ છે. સલામ સાહેબ.

ગુંડુ—સલામ સાહેબ, હા, મારા ઉપર મારા બાપનો આ કાગળ છે. તે ગઇ રાત્રે લખ્યો છે.

અંતુ—ગુંડુ, શું તમારા બાપે એ કાગળ અહીંઆ લાવવાને ટપાલવાળાને કાંઇ પૈસા આપ્યા!

ગુંડુ—અરે નહિ, તેણે કાગળ પર ટીકીટ ચોંટાડી છે. આ રહી તે જો. એ અડધા આનાની ટીકીટ છે.

અંતુ—તે ટીકીટ પર કોની છબી છે?

ગુંડુ—હીંદુસ્તાનના શહેનશાહ પાંચમા જ્યોર્જના માથાનું ચિત્ર છે.

અંતુ—ગુંડુ, તારો કાગળ વાંચ.

ગુંડુ—હા, તે વાંચીશ. જો તારી મરજી હોય તો તું પણ તેમાં જો. મને ખબર છે કે તને અંગ્રેજી આવડતું નથી.

આ મારા બાપાનો લખેલો કાગળ છે.

મુંબાઇ ૧૫મી મે ૧૯૧૧.

મારા વ્હાલા દીકરા,

હું તને લખી જણાવું છું કે, ગઇ કાલે ત્રણ વાગતે હમે મુંબાઇ ઉતર્યા. અહીંઆ ઘણી ગરમી પડે છે. મને લાગે છે કે આજ રાત્રે વરસાદ પડશે. વાદળાં ઘણાં ઘણાં થયા છે. હું ને તારી મા તદ્દન સારાં છીએ. ઘર આગળ તમારા સઘળાંની તબીયત કેમ છે તે મને લખી જણાવજે. હું કાલે દુકાને જઇશ ને તારે માટે કેટલીક ચોપડી ખરીદ કરીશ. આજે મારે ઘણું કામ છે. મારે ઘણાં કાગળ લખવાના છે. હમે પાછા કયારે આવશું તે તને ફરીથી લખી જણાવીશ. સલામ, તારી બહેન, ભાઇ ને અંતુ જે આપણા ઘરમાં રહે છે તેને મારી સલામ કહેજે.

હું છું તમારો વ્હાલો પીતા.

૧૦ વાતચીત.

વાત કરવામાં આપણે વારંવાર કહીએ છીએ.

હું ત્યાં વારંવાર ગયો છું.	ત્યાં કોણ છે?
મને ખાત્રી છે કે તે આવ્યો.	ત્યાં જતા નહિ.
જો મારાથી બનશે તો હું તે કરીશ	હું વધારે વાર રાહ જોઇ શકતો નથી.
તમે એમ બે વાર કહ્યું છે.	તેઓ અહીંઆ આવશે નહિ.
તમે ત્યાં તરત જશો.	તમને આ મળશે નહિ.
તે છ વરસની ઉમરનો છે.	અહીંઆ એક સુંદર ઝાડ છે.
તે હમણાંજ અહીંઆ આવશે	અહીંઆ કોઇ નથી.
અમે ઘણી સખત મહેનત કરી છે.	મારી ટોપી કયાં છે.
શું તે મારી ચોપડી નથી?	તે ત્યાં હજી ગયો નથી.
તે સાચું છે.	બહાર જવાને ઘણું મોડું થયું છે.
તમારૂં નામ શું છે?	

૧૧ નાળીએર.

નાળીએરનું ઝાડ ઘણું ઉંચું હોય છે. તેને ડાળી હોતી નથી પણ ઝાડને મથાળે ઘણાં લાંબાં પાંતરાં હોય છે.

તે ઘણું કામનું છે. આ ઝાડનો દરેક ભાગ કામનો છે. એક લીલાં નાળીએરને ભાંગીને ખોલો. તેને ઘણી જાડી છાલ હોય છે. અંદર તમે ફળ જોશો? જાડી છાલને કાથો કહે છે. તેને તડકામાં સુકવે છે ને પછી તેનાં ભુરાં મજબુત દોરડાં બનાવે છે.

ફળને કઠણ કાચલું હોય છે. જ્યારે ફળ પાકે છે ત્યારે આ કાચલું ભુરૂં થાય છે તેના ભાંગીને બે કટકા થાય છે દરેક કટકો પ્યાલા તરીકે વપરાય છે. એક લાંબો હાથો તેને લગાડવામાં આવે છે અને પછી તેને કડછી કહે છે. લીલું નાળીએર મીઠાં પાણીથી

ભરેલું હોય છે. તે પીવામાં ઘણું સારૂં છે. જ્યારે ફળ પાકી જાય છે ત્યારે ઘણું કરીને સઘળું પાણી સુકાઇ જાય છે.

અહીંઆ લીલાં નાળીએરનું ચિત્ર છે ને બીજું પાસે પાકેલાં નાળીએરનું છે. પાકેલાં નાળીએર કરતાં લીલું નાળીએર કેટલું મોટું છે તે જુઓ.

છાલ તેને વધારે મોટું બનાવે છે. લીલાં નાળીએરને મથાળે ડીચકું છે. તે આ ડીચકાથી ઝાડ ઉપર લટકી રહે છે.

પાકેલાં ફળના કાચલાંને ભાંગો. તમે શું જોશો ! અંદરની બાજુએ મીઠું ધોળું કોપરૂં છે. તે ખાવામાં ઘણું સારૂં છે. તેની મીઠાઇ બને છે. કોપરાંને તડકામાં સુકવે છે. મીઠા દુધવાળા રમનું તેલ બને છે. તે ફળને પછી કોપરૂં કહે છે. તેને ઘાણીમાં પીલાય છે ને તેમાંથી તેલ દાબીને કઢાય છે.

૧૨ ટપાલની પેટી.

ગુંડુ—અંતુ, અંતુ, તું ક્યાં છે ?

અંતુ—હું અહીંઆ છું. શું છે ?

ગુંડુ—મારા બાપે જે કાગળ લખ્યો હતો તેનો જવાબ મેં હમણાં લખ્યો છે. તે જોવાની તારી મરજી છે ?

અંતુ—હા ! હા ! મને તે જોવા દે.

ગુંડુ—આ રહ્યો.

પુનાં ૧૭મી મે ૧૯૧૧

મારા વ્હાલા પીતાજી—

તમારા માયાળુ કાગળ માટે હું તમારો આભાર માનું છું. તે મને સહવારમાં વહેલો મળ્યો. ગઇ રાત્રે વરસાદ વરસ્યો ને આજે તદ્દન ઠંડક થઇ છે. રીતાનું માથું ગઇ કાલે ઘણું દુઃખતું હતું પણ હવે તેને તદ્દન સારૂં છે. અંતુ પણ તદ્દન સારો છે ને તે પ્રમાણે હું છું.

મને આશા છે કે તમે પાછા આવશો ત્યારે મારે માટે થોડી સારી ચોપડી લાવશો.

વ્હાલા પીતાજી, સલામ. હમારા સઘળા તરફથી સલામ છે.

હું તમારો વ્હાલો દીકરો ગોન્ડુ છું.

અંતુ—તેં કહ્યું કે હું સારો છું તેથી હું ખુશી થયો છું. હવે કાગળનું તું શું કરવાનો છે?

ગુંડુ—હું તેને પરબીડીઆમાં બીડીશ ને પછી ટપાલમાં નાંખીશ. જો આ તૈયાર થઇ ગયો છે.

મી. પી. કે. નારાયણરાવ.

નંબર ૧૦૦ ફ્રેટ્ર રોડ,

મુંબઇ.

અંતુ—પરબીડીઆં ઉપર શું લખ્યું છે?

ગુંડુ—એ સરનામું છે. પહેલી લીટીમાં મેં મારા બાપનું નામ લખ્યું છે. બીજી લીટીમાં તે જે જગ્યાએ રહે છે તેનું નામ ને ઘરનો નંબર લખ્યો છે. ત્રીજી લીટીમાં શહેરનું નામ મેં લખ્યું છે. દરેક કાગળ ઉપર આના જેવું સરનામું હોવું જોઇએ. કાગળ કયાં લઇ જવો તે ટપાલવાળાને સરનામા ઉપરથી જણાય છે હવે હુ જઇને કાગળ ટપાલમાં નાંખી આવું.

અંતુ—ગુંડુ, હું તારી સાથે આવું?

ગુંડુ—અરે હા! ચાલો આપણે જલદી જવું જોઇએ.

અંતુ– પણ, ગુંડુ, તેં જોડા પહેર્યા નથી. તું આમ ઉઘાડે પગે બહાર જાય છે?

ગુંડુ—આપણે જલદી દોડતાં જવું જોઇએ નહિતો આપણે મોડું થશે. વખત ગુમાવવાનો નથી. બે વાગતે ટપાલવાળો આવે છે ને કાગળો લઇ જાય છે. હમણાં બેમાં ત્રણ કમ છે. આપણે જલદી દોડતાં જવું જોઇએ.

પછી એ છોકરાં સાથે ટપાળની પેટી તરફ દોડયા. તમે તેમને ચિત્રમાં જોશો. ગોન્ડુ હમણાં પેટીના બાકામાં કાગળ નાખે છે. તેના ઉપર કાગળ એ શબ્દ લખેલા છે તેથી દરેક માણસ કાગળ ક્યાં નાખવો તે જાણી શકે.

અંતુ—કાગળનું ટપાળવાળો શું કરશે

ગુંડુ—તે તેને પોતાની કોથળીમાં મુકશે ને તેને મોટી ટપાળ ઓફીસે લઈ જશે. આ પ્રમાણે બીજા ઘણા ટપાળવાળા બીજી ટપાળની પેટીમાંથી કાગળ લાવશે. પછી તેને મોટી કોથળીમાં ભરવામાં આવશે અને આગગાડી ઉપર લઈ જવામાં આવશે અને આખા હીંદુસ્તાનમાં ઘણી જગ્યાએ મોકલવામાં આવશે.

૧૩. ચંદ્રમા.

અરે, ચંદ્રમા તરફ જો, તે ઘણો ઉંચો પ્રકાશે છે,અરે મા, તે આકાશમાં દીવા જેવો દેખાય છે,

ગયે અઠવાડીએ તે વધારે નાનો હતો અને તે કામઠાં જેવા આકારનો હતો, પણ હમણાં તે વધારે મોટો થયો છે અને "ઓ" ના જેવો ગોળ છે.

પરમેશ્વરે દીવસ ઉપર રાજ્ય કરવાને સુર્ય બનાવ્યો. પરમેશ્વરે રાતના ઉપર રાજ્ય કરવાને ચંદ્રમા બનાવ્યો. પરમેશ્વરે તારા બનાવ્યા જે વળી રાત્રે અજવાળું આપે છે.

૧૪. કન્યાશાળા.

ઘંટ વાગે છે કે તરત નાની છોકરીઓ નિશાળમાં ચાલી આવે છે. તેમાંની દરેક પોતાની ચોપડી રાખવાને પોતાની સાથે એક ઝોળી લાવે છે. દરેક વર્ગમાં હવા અંદર આવવા દેવાને એક બારીવાળો સુંદર સાફ ઓરડો હોય છે. જો પવન ઘણો સખત વાતો હોય તો બારી બંધ કરવામાં આવે છે. છોકરી સઘળી એક પાટલી પર બેસે છે, પણ જ્યારે વાંચવાનો વખત થાય છે. ત્યારે ઉભી થાય છે,

મહેતાજી ખુરશી ઉપર બેસે છે અને છોકરીને વાંચતાં સાંભળે છે. તે તેને ધીમે સભાળથી વાંચવાનું કહે છે. તે તેમની પાસે સઘળા કઠણ શબ્દની જોડણી કરાવે છે. કઠણ શબ્દ ચાકવતી કાળા પાટીઆ પર લખે છે.

છોકરીઓ પાસે કૉપી બુક હોય છે જેમાં સીસાપેનથી અથવા સારી કલમથી લખે છે અને સ્લેટ હોય છે તેનાપર લખે છે ને હિસાબ કરે છે. ઘણી નિશાળમાં એક મહેતીજી હોય છે ને મહેતાજી હોતા નથી. મહેતાજી જે કામ કરે છે તેજ કામ તે કરે છે.

છોકરીઓ નિશાળે આવે છે તે પહેલાં તેઓ પોતાના હાથ ધોય છે ને પોતાના વાળ ઓળે છે. તેના હાથ ને આંગળીઓ કેવી સાફ છે તે જુઓ. નિશાળમાં છોકરીઓ સીવતાં શીખે છે. તેઓ પાસે કંડીઆ હોય છે જેમાં તેઓ પોતાનું કામ, પોતાનું કપડું અને ટાંકણી સોય દોરા ને કાતર રાખે છે.

આપણે આપણી જગ્યાએ સ્વચ્છ હાથ ને ચહેરાવાળા જઇશું,
અને ઘર આગળ ને નિશાળમાં આપણને કહેશે તેમ કરીશું.
અને એ પ્રમાણે આપણે હમેશાં સુખી ને હોંશીઆર થઇશું.
કારણ કે વિદ્યા સોના રૂપા કરતાં વધારે સારી છે.

૧૫ ગઈ કાળ—આજ—ને—આવતી કાળ.

હું આજે ત્યાં જતો હતો. ગઇ કાલે ત્યાં ગયો. આવતી કાલે ત્યાં હું જઇશ. દરેક અઠવાડીએ હું ત્યાં જાઉં છું.

તે તે હમણાં કરે છે. તેણે તે કાલે કીધું. તે તે આવતે વર્ષે કરશે. તે તે દરરોજ કરે છે.

તે આ અઠવાડીએ અહીંઆ આવે છે. તે ગયે મહિને અહીંઆ આવે છે.

તે આવતે વર્ષે અહીંઆ આવશે. તે વારંવાર અહીંઆ આવે છે.

મહેતાજી—આજ સહવારે તમે કેટલે વાગે ઉઠયા ?

છોકરો—હું નવ વાગતે ઉઠયો.

મહેતાજી—અરે? તું નવ વાગતા સુધી ઉઠયો નહિ? તું ઘણો આળસુ છોકરો હોવો જોઇએ. તારે મળસકામાં ઉઠવું જોઇએ.

છોકરો—કાલે હું છ વાગતે ઉઠીશ.

મહેતાજી—એ ખરૂં છે, પણ પાંચ વાગતે ઉઠવું એ વધારે સારૂં છે. તારી પાસે નાનું ઘડીઆળ છે?

છોકરો—ના, પણ મારા ઘરમાં મોટું ઘડીઆળ છે. જ્યારે હું મોટો છોકરો થઇશ ત્યારે મારા બાપ મને નાનું ઘડીઆળ અપાવશે.

૧૯. એક અને એક કરતાં વધારે.

આપણે એમ કહીએ—

એક પક્ષી, બે પક્ષી. ઘણાં પક્ષી.　　એક ઝાડ. બે ઝાડ. ઘણાં ઝાડ.

એક પાંદડું, બે પાંદડાં, ઘણાં પાંદડાં.

એક ચપ્પુ, ઘણા ચપ્પુ.	એક પેટી, ઘણી પેટી.
એક સ્ત્રી, ઘણી સ્ત્રી.	એક ઇંડું, ઘણાં ઇંડાં.
એક માણસ, ઘણાં માણસ.	એક દીવસ, ઘણાં દીવસ.
એક બૈરી, ઘણી બૈરી.	એક ઘર, ઘણાં ઘર.
એક આંખ, ઘણી આંખ.	એક પગ, ઘણાં પગ.
એક ડાળી, ઘણી ડાળીઓ.	એક ઘડીઆળ, ઘણાં ઘડીઆળ.
એક સ્ત્રી, ઘણી સ્ત્રીઓ.	એક છોકરૂં, ઘણાં છોકરાં.

૨૦. દાદા.

આ ગરીબ છોકરાને મા કે બાપ નથી. તેનાં મા ને બાપ બંને મરી ગયાં છે. તેને તેના ઘરડા દાદા વગર તેની સંભાળ લેનાર કોઇ નથી. તે ઘરડા માણસને બૈરી ને છોકરૂં કાંઇ નથી. તેને માત્ર પોતાનો દીકરાનો દીકરો છે જે ચાર વરસનો છે. તે ઘેર તે બાળકને એકલો રાખી શકતો નથી. કોઇ તેની સંભાળ લે નહિ. તેથી તે પોતાની સાથે તેને કામે લઇ જાય છે. તે માળી છે. તે આખો દીવસ વાડીમાં સખત મહેનત કરે છે. સાંજના ત્રણ માઇલ દૂર પોતાને ગામ

પોતાને ઘેર જાય છે. જ્યારે તે કામ કરતો હોય ત્યારે તેનો પૌત્ર વાડીમાં આમ તેમ રમે છે. જ્યારે તેઓ આજે ઘેર આવ્યા ત્યારે છોકરો થોડુંક ચાલ્યો. પછી તેને કહ્યું, દાદા, હું થાકી ગયો છું, હું વધારે ચાલી શકતો નથી. ત્યારે તે માયાળુ ઘરડો માણસ ઉભો રહ્યો ને પોતાના પૌત્રને પોતાના ખભાપર લીધો. ચિત્રમાં તમે તેને ઘેર લઇ જતો જોશો. તે સાઠ વરસનો છે. તેના ચહેરાપરના વાળ સફેદ છે. તે ઘણો જોરાવર નથી. પણ તે હજી પોતાના પૌત્રને ઉંચકી શકે છે. જ્યારે તે ઘેર આવશે ત્યારે તે દેવતા સળગાવશે ને પોતાને બંનેને ખાવાને થોડા ચોખા રાંધશે. પછી તે ને તેનો પૌત્ર સાદડીપર સુશે. તેઓ સહવાર સુધી ઉંઘશે.

૧૮. વરસના મહિના.

એક વરસના બાર મહિના હોય છે. તે આ પ્રમાણે.

૧ જાન્યુઆરી. ૨ ફેબ્રુઆરી. ૩ માર્ચ. ૪ એપ્રિલ. ૫ મે. ૬ જુન. ૭ જુલાઇ. ૮ ઓગસ્ટ. ૯ સપ્ટેંબર. ૧૦ અકટોબર. ૧૧ નવેંબર ૧૨ ડીસેંબર. સપ્ટેંબર, એપ્રિલ, જુન ને નવેંબરના ત્રીસ દીવસ હોય છે. ફેબ્રુઆરીના માત્ર અઠાવીશ દીવસ હોય છે. બીજા સઘળા મહિના એકત્રીશ દીવસના હોય છે. પણ ચાર વરસે એક વખત આવતાં લીપઇયરમાં ફેબ્રુઆરીમાં એક દીવસ વધારે હોય છે.

૧૯. રમવાની જગ્યા.

બાપ—ગોપાળ! તું કયાં જાય છે?

ગોપાળ—બાપા, હું રમવાની જગ્યાએ જાઉં છુ. મારી સાથે આવો! મારી સાથે આવોની, ને હું તમને તે બતાવીશ.

બાપ—બહુ સારૂં, મારા છોકરા. મારે હમણાં કાંઇ કામ નથી. હું તારી સાથે આવીશ.

ગોપાળ—અરે બાપા, તમારો ઉપકાર માનું છું. ચાલો આપણે એકદમ જઇએ.

બાપ—ત્યારે આ તારી રમવાની જગ્યા છે. શું તે છે? કેવી સુંદર જગ્યાએ છે? અહીંઆ કેટલા છોકરા છે! તેઓ કોણ છે ને તે શું રમે છે તે મને તું કહી શકશે?

ગોપાળ—હું એમાંના ઘણાખરાને ઓળખું છું. બે છોકરા ભમરડે રમે છે. તેઓ મારા વર્ગમાં છે. તે કેસુ ને ગોન્ડુ છે. કેસુ તેનો ભમરડો ફેરવે છે. ગોન્ડુ પોતાના હાથમાં પોતાનો ભમરડો લઇને પાસે ઉભો છે.

બાપ—જે છોકરા ભમરડા વડે રમે છે તે કોણ છે?

ગોપાળ—એ રામુ ને રંગુ છે. તે દડો રામુનો છે. તેના બાપે તેને ગયે અઠવાડીએ આપ્યો. તે તે ફેંકે છે ને રામુ તેને ઝીલે છે.

બાપ—જે છોકરા આગળ ઉભા છે તે શું કરે છે?

ગોપાળ—તેઓ કુદે છે. જે છોકરો કુદે છે તેનું નામ નાનો છે. બીજા કોણ છે તેને હું ઓળખતો નથી. નાનો ઘણી ઝડપથી દોડી શકે છે. તે વળી ઘણી સારી રીતે કુદી શકે છે. તે હમણાં લાંબી છલંગ મારે છે. કોઇ વખત તેઓ ઉંચી છલંગ મારે છે.

બાપ—ઉંચી છલંગ? તે શું હશે.

ગોપાળ—બે થાંભલા વચ્ચે તેઓ લાકડી કે દોરી મુકે છે. પછી એક છોકરો દોડે છે ને તેની ઉપર થઇને કુદી જવાનો પ્રયત્ન કરે છે.

બાપ—ગોપાળ, તું કેટલે દુર ને કેટલો ઉંચો કુદી શકે છે?

ગોપાળ—હું છ ફુટ દુર ને ત્રણ ફુટ ઉંચે કુદી શકું છું.

બાપ—એ ઘણું સારૂં છે. હવે મારે ઘેર પાછાં જવું જોઇએ. તું અહીંઆ રહીને રમ. તું કયાં છે તે હું તારી માને કહીશ. પણ મોડો આવતો નહિ. અંધારૂં થયાં પહેલાં આવજે.

૨૦. ફરીથી કરો.

એક વખત રામ નામનો નાનો છોકરો હતો. તે આઠ વર્ષનો હતો ને તે દરરોજ નિશાળે જતો.

રામ ચાલાક છોકરો નહોતો. તે વારંવાર પોતાના વર્ગમાં છેલ્લો રહેતો. તે સારૂં વાંચી શકતો પણ તે પોતાની સ્લેટ પર દાખલા કરી શકતો નહિ. એક દિવસે માસ્તરે છોકરાઓને દાખલો ગણવા આપ્યો. તેમને પાંચ હારના આંકડા ઉમેરવાના હતા. બીજા બધા છોકરા જલદી દાખલા કરતા. તેઓ પોતાની સ્લેટ મહેતાજી પાસે લાવતા ને તેને જવાબ બતાવતા. તેના દાખલાબધા સાચા હતા.

રામ પણ પોતાની સ્લેટ લાવતો. પણ જવાબ તદ્દન ખોટો હતો.

મહેતાજીએ કહ્યું તારી જગ્યાએ પાછો જા. તારો જવાબ ભુસી નાંખ ને આંકડાનો ફરીથી સરવાળો કર.

રામ પાછો ગયો, પોતાની જગ્યાએ બેઠો ને આંકડાનો સરવાળો કર્યો. તેણે કહ્યું, મેં કર્યો છે. મહેતાજીએ કહ્યું. અહીંઆ આવ ને તારી સ્લેટ બતાવ. મહેતાજીએ તેની સ્લેટમાં જોયું. તેણે કહ્યું. પાછો આ ખોટો છે. ફરીથી એકવાર સરવાળો કરી જો. રામે કહ્યું. શું કામનું છે. હું તે કરી શકતો નથી. તે ઘણો અઘરો છે. મહેતાજીએ જવાબ દીધો. ના, બીજા બધા છોકરાએ તે કર્યો છે. તે ઘણો અઘરો નથી. રામ ફરીથી પ્રયત્ન કર.

રામ પોતાની જગ્યાએ પાછો ગયો. તેણે આંકડાનો સરવાળો ધીમેથી ને સંભાળથી કર્યો. પછી તેણે પોતાની સ્લેટ પોતાના મહેતાજીને બતાવી.

તેના મહેતાજીએ કહ્યું. આ વખત જવાબ ખરો છે. સાબાશ રામ! પહેલી વખત તું કાંઇ કરીશ કે નહિ તો ફરીથી પ્રયત્ન કરજે. જ્યાં સુધી તું તે કરી શકે ત્યાં સુધી પ્રયત્ન કરી રાખજે. કોઇ વખત એમ ન કહેવું કે હું તે કરી શકતો નથી. હું તે કરી શકું છું એમ કહેજે.

મરજીથી કામ કરો. તેનો છેડો તમે જોઇ શકો ત્યાં સુધી સખત મહેનત કરો. મારા નાના મિત્ર જ્યાં સુધી સઘળું સરળ થાય ત્યાં સુધી ફરીથીને ફરીથી કરો. કદી છોડી દેતા નહિ. (હીંમત હારી

જતા નહિ) ફરીથી. એકવાર શરૂ કરો તમારા સઘળાં બળથી (એકવાર ફરીથી પ્રયત્ન કરો. ને ધીમે ધીમે તમે સાચે રસ્તે પહોંચશો.

૨૧. જે ઘર રામે બાંધ્યું તે.

રામે જે ઘર બાંધ્યું તે આ રહ્યું.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તે આ છે.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બીલાડી કરડી તે આ રહી

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો હતો તેને જે બીલાડી કરડી તેને જે કુતરાએ પકડી તે આ રહ્યો.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બીલાડી કરડી તેને જે કુતરાએ પકડી તે કુતરાને જે કાગડાએ ચાંચ મારી તે આ રહ્યો.

રામે જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બીલાડી કરડી તેને જે કુતરાએ પકડી તે કુતરાને જે કાગડાએ ચાંચ મારી તેની પછવાડે જે સમડી પડી તે આ રહી.

૨૨. સાચું કહો.

વેંકટ ને કમળા નામનાં બે છોકરાં હતાં. એક દહાડો ઘરના આગલા ઓરડામાં તેઓ રમતાં હતાં. ત્યાં ટેબલ પર એક આરસી હતી ને તે તેઓએ જોઇ નહોતી. જેવામાં તે રમતાં હતાં તેવામાં વેંકટે કમળાને મેજ તરફ ધક્કો માર્યો. તે કાચ જમીન પર પડ્યો ને ભાગી ગયો. બંને છોકરાં રડવા લાગ્યાં.

કમળા—ભાઇ, તેં મને શા માટે ધક્કો માર્યો? જો, કાચ ભાંગ્યો છે.

વેંકટ—તને ધક્કો મારવાનો મારો ઇરાદો નહોતો. હવે આપણે શું કરીશું? એમાં બધો ત્હારો વાંક છે.

કમળા—આપણે બંને રમતાં હતાં. એમાં મારો વાંક છે એમ તું શા માટે કહે છે? તેમાં તારો પણ વાંક છે. પણ શું કરીશું.

વેંકટ—જો બાપાને માલમ પડશે તો તે ગુસ્સે થશે. આપણે તેને કોઇ ઠેકાણે સંતાડીએ નહિ?

કમળા—ના. ના. કોઇ વખતે અથવા બીજી વખતે તે માલમ પડી આવશે. આપણે બાપાને કહી દેવું એ સારૂં છે ને કહેવું કે હમે દીલગીર છીએ. કદાચ તે વખતે તે ઘણા ગુસ્સે થશે નહિ.

વેંકટ—મને ધાસ્તી છે કે તે ગુસ્સે થશે. આપણે માને કહીએ તો કેવું સારૂં? કદાચ તે બાપાને ગુસ્સે નહિ થવાનું કહેશે.

જ્યારે તેઓ બોલતા હતા ત્યારે તેઓની મા ઓરડામાં આવી. તે થાકી ગઇ હતી ને ખુરશી પર બેસી ગઇ. છોકરાં તેની પાસે ગયાં ને નીચું જોઇને તેની આગળ શાંત રીતે ઉભા રહ્યા.

માએ જોયું કે કાંઇ નવું જુનું થયું છે. તેણે કહ્યું તમે આટલા શાંત કેમ ઉભા છો? તમે કાંઇ નુકસાન કર્યું છે? પછી કમળા ડુસકાં ભરવા લાગી ને વેંકટ પોકેપોક મુકીને રડયો. પછી તેની માએ કહ્યું છોકરાં તમે શા માટે રડો છો? કોઇએ તમને હરકત કરી છે! શું થયું છે! રડો નહિ.

કમળા—મા, હમે રમતા હતા. ને હમે કાચને ધકકો મારી પાડી નાંખ્યો ને ભાંગ્યો. હમે ઘણા દીલગીર છીએ ને હમને બીક લાગે છે કે બાપા હમારી ઉપર ગુસ્સે થશે,

મા—એટલુંજ કે? તમે કાચ ભાંગ્યો તે માટે હું દીલગીર છું. પણ તમે મને સાચું કહ્યું છે માટે હું ઘણી ખુશી છું. ધાસ્તી રાખતા નહિ. હું તમારા બાપને કહીશ. તે તમારા ઉપર ગુસ્સે થશે નહિ કેમકે તમે સાચું કહ્યું છે.

૨૩ હોડી.

આ પાણીથી ભરેલી ઉંડી નદી છે. આપણે તેને ચાલીને ઓળંગી શકતા નથી. પણ પાસેજ એક પૂલ છે જે એક નાકાથી બીજા નાકાં સુધી છે. જાણે રસ્તો હોય તેમ તે પુલપર નદી ઉપર થઇને જાઓ. તેનાપર કેટલાંક માણુસને હમણાં ચાલતાં જોશો.

નદી પુલની તળેથી જાય છે. નદીની બે બાજુ કીનારા કહેવાયછે. પાણી કીનારાની વચ્ચે થઇને જાય છે. નદી વહીને કયાં જાયછે?

બધી નદી જમીન ઉપર થઇને વહે છે ને આખરે દરીઆમાં જાય છે. નદીમાં બધું પાણી કયાંથી આવે છે. તે વાદળાંમાંથી જમીન ઉપર પડે છે ને નદીમાં વહી જાય છે. પાસેના કીનારા સાથે બાંધેલી પેલી હોડી કેવી સુંદર ને મોટી છે? તે લાકડાનાં બનાવેલાં નાનાં ઘર જેવી છે ને તે પાણી ઉપર તરે છે. બારી બારણાં વાળા અંદર ઓરડા છે. ચાર બારી ઉઘાડી છે ને સાત બંધ છે. બારણું ઉઘાડું છે હોડીને મથાળે હું બે ખુરશી જોઉ છું. તે શા માટે મુકેલી છે ? જ્યાર સૂર્ય અસ્ત પામે છે ને ઠંડક હોય છે ત્યારે સાંજના હોડીમાંના ગ્રહસ્થ માણુસને બેસવા માટે છે. તું નાને દાદરેથી મથાળે જઇ શકશે. તેને ત્રણ પગથીઆં છે. ઉપલાં પગથીઆંપર એક માણુસ બેઠો છે. હોડી કીનારા ઉપર દોરડાંથી બાંધી છે.

પાણી ઉપર હોડી કેવી રીતે ચાલે છે? માણુસો વાંસ વતી આગળ હડસેલે છે. હમણાં હોડીવાળા પોતાના હાથમાં વાંસ લઇને હોડીને મથાળે ઉભો છે.હોડી નીચે પાણીમાં પેલી કાળી વસ્તુ શું છે?

તે હોડીનો પડછાયો છે. નીચે બીજી હોડી હોય એમ દેખાય છે. છેક દુર નદીના બીજા કીનારા પાસે આના જેવી બીજી હોડી હું જોઉં છું. વરસાદ નદીને ભરે છે. નદીઓ દરીઆમાં વહે છે.

૨૪. ભુતકાળ ને વર્તમાનકાળ.

આજે.	કાલે.	આજે.	કાલે.
હું કહું છું	મેં કહ્યું	તે કહે છે	તેણે કહ્યું
હું કરૂં છું	મેં કર્યું	તે કરે છે	તેણે કર્યું
હું છું	હું હતો	તે છે	તે હતો
હું આપું છું	મેં આપ્યું	તે આપે છે	તેણે આપ્યું
હું કહું છું	મેં કહ્યું	તે કહે છે	તેણે કહ્યું
મારી પાસે છે	મારી પાસે હતું	તેની પાસે છે	તેની પાસે હતું
હું જાઉં છું	હું ગયો	તે જાય છે	તે ગયો
હું સાંભળું છું	મેં સાંભળ્યું	તે સાંભળે છે	તેણે સાંભળ્યું
હું મેળવું છું	મેં મેળવ્યું	તે મેળવે છે	તેણે મેળવ્યું
હું આવું છું	હું આવ્યો	તે આવે છે	તે આવ્યો
હું જાગું છું	હું જાગ્યો	તે જાગે છે	તે જાગ્યો
હું બેસું છું	હું બેઠો	તે બેસે છે	તે બેઠો
હું લાવું છું	હું લાવ્યો	તે લાવે છે	તે લાવ્યો
હું ખરીદું છું	મેં ખરીદ્યું	તે ખરીદે છે	તેણે ખરીદ્યું
હું પીઉં છું	મેં પીધું	તે પીએ છે	તેણે પીધું
હું ખાઉં છું	મેં ખાધું	તે ખાય છે	તેણે ખાધું
હું જોઉં છું	મેં જોયું	તે જોય છે	તેણે જોયું
હું ઉંઘું છું	હું ઉંઘ્યો	તે ઉંઘે છે	તે ઉંઘ્યો

૨૫. તારા.

જ્યારે સૂર્ય અસ્ત પામે છે ત્યારે રાત્રે ચકચકીત તારા પ્રકાશે છે. તે એટલા બધા છે કે આપણે તેને ગણી શકતા નથી વે ઉઘાડ દે થતાં દેખાય છે ને તેથી આપણે કહીએ છીએ કે તે ચમકે છે.

તે આકાશમાં હીરા જેવા દેખાય છે. દીવસના વખતમાં આપણે તેને સૂર્યના ચકચકીત અજવાળાને લીધે તેને જોઇ શકતા નથી.

નાના તારા તમે ઝાકો ઝળકો. તમે કેવા છો તેથી હું કેવો અચંબો પામું છું. દુનીઆમાં છેક ઉંચે આકાશમાં હીરા જેવા છો.

જ્યારે ચળકતો સુર્ય આથમે છે, જ્યારે ઓસથી ઘાસ ભીનું છે, ત્યારે તમે તમારૂં થોડું અજવાળું જે બતાવો છો તે આખી રાત ચળકે છે.

૨૫. જમણ.

અહીંઆ ત્રણ માણસો પોતાનું ભોજન ખાય છે. દીવસનાં પહેલાં ભોજનને આપણે નાસ્તો કહીએ છીએ. હમણાં એક વાગ્યો છે. આ ત્રણ માણસે સહવારથી સખત મહેનત કરી છે. તેઓને ઘર છોડયા પહેલાં પીવાને થોડી કાફી ને ખાવાને ચોખાની રોટલી મળી હતી. તે તેનો નાસ્તો હતો. પણ તે વખતે આઠ વાગ્યા હતા. પાંચ કલાક સુધી તેઓને કાંઇ ખોરાક મળ્યો નહોતો અને તેઓ હમણાં ભુખ્યા ને તરસ્યાં છે. તેથી સુંદર વાડીમાં કેટલાંક ફુલનાં કુંડાં જ્યાં કોઇ તેને જોઇ શકે નહિ તેની પછવાડે તેઓ પોતાનું ભોજન લે છે. દરેક માણસ પાસે તેની આગળ થાળી છે. તે થાળીમાં થોડાં સુંદર ધોળા બાફેલા ચોખા છે. દરેક થાળીની લગોલગ કઢી ને ચટણીથી ભરેલી નાની પહોળી રકાબી તમે જોશો. કઢી ઘણી ઉની છે. તેમાં મરચાં ને મરી છે. એક માણસ હમણાં થોડું પાણી પીએ છે. વચલો માણસ પોતાને હાથે મુઠો ભરીને ચોખા લે છે. ત્રીજો માણસ પોતાના હાથ ઉપર એક નાનાં વાસણમાંથી થોડું પાણી રેડે છે. તે ખાય છે તે પહેલાં તેમાંથી પોતાના હાથ તે ધોશે. મરચાં વાડીમાં ઉગે છે. તે ઘણાં ગરમ હોય છે. કેટલાંક લાંબા, કેટલાંક ગોળ કેટલાંક લીલા ને કેટલાંક રાતાં હોય છે. જે ખાનું આપણે રાત્રે ખાઇએ છીએ તે વાળુ કહેવાય છે. આજ રાત્રે આઠ વાગતે આ માણસોને પોતાના વાડામાં વધારે કઢી ને ચોખા મળશે. તેઓ તે ઘેર ખાશે. પછી તેઓ સુશે ને ઉંઘી જશે. જેઓ

દીવસે સખત મહેનત કરે છે તે રાત્રે સારી રીતે ઉંઘે છે. આળસુ કદી ઉંઘી શકતો નથી. જો તમારે સારી રીતે ઉંઘવું હોય તો તમારે સખત મહેનત કરવી જોઇએ. આપણે સહવારમાં નાસ્તો લઇએ છીએ, દીવસે ભોજન લઇએ છીએ, રાત્રે વાળુ કરીએ છીએ.

૨૭. ઉદ્ધત છોકરો.

આ નાની છોકરી આજ સહવારે પોતાની માને માટે થોડું પાણી લાવવાને કુવે ગઇ હતી. તેનો ભાઇ તેને મદદ કરવાને તેની સાથે ગયો હતો. પણ તે ઉધ્ધત છોકરાએ શું કર્યું? જેવામાં તે પોતાની બહેનની પછવાડે ચાલતો હતો ત્યારે તેણે તેને ધક્કો માર્યો. વાસણ નીચે પડયું ને પાણી ઢોળાઇ ગયું. પછી પોતાની ગરીબ નાની બહેન જે રડવા મંડી હતી તેની તરફ હસતો ઉભો રહ્યો. તેને ધાસ્તી લાગી કે હું વખતસર પાછી લાવી શકીશ નહિ. આપણે આપણા ભાઇ ને બહેન ઉપર માયાળુ થવું જોઇએ. આપણે તેને ખીજવવાં ન જોઇએ. આપણે તેને રાજી રાખવાને પ્રયત્ન કરવો જોઇએ. તેને મદદ કરવાને આપણે હંમેશાં તૈયાર રહેવું જોઇએ. આપણે દરેક તરફ સભ્ય થવું જોઇએ. જ્યારે આપણે કાંઇ ચીજ માંગીએ ત્યારે આપણે આ મને આપ એમ કહેવું ન જોઇએ, પણ જો તમારી મરજી હોય. અથવા મને મહેરબાની કરીને આ આપો. અને જ્યારે આપણે કાંઇ ન જોઇતું હોય ત્યારે આપણે કહેવું જોઇએ કે ના, આપનો આભાર માનું છું. આપણે હમેશાં જ્યારે આપણે કોઇ ગ્રહસ્થ માણસ સાથે બોલતા હોઇએ ત્યારે સાહેબ અને જ્યારે આપણે કોઇ બાઇ સાહેબ સાથે બોલતા હોઇએ ત્યારે બાઇ સાહેબ કહેવું જોઇએ. જ્યારે તમે સહવારમાં તમારા બાપ, મા, બહેન કે ભાઇને મળો ત્યારે સહવારની સલામ કહેજો. તે જ્યારે તમે રાત્રે સુવા જાઓ ત્યારે તેમને રાતની સલામ કહેવી. જ્યારે તમે તમારા દોસ્તદારથી છુટા પડો ત્યારે સલામ કહેવી. નિશાળમાં જ્યારે તમે તમારા મહેતાજીને

મળો ત્યારે સહવારની સલામ સાહેબ કહેવી, ને જ્યારે નિશાળેથી છુટી મળે ત્યારે સાહેબ, સાંજની સલામ કહેવી.

સભ્ય થાઓ

સારા નાના છોકરાઓ હું કરીશ અથવા આ મને આપો એમ કદી કહેવું ન જોઇએ. ના, બીલકુલ એવી રીત નથી. માને કહો કે તમારી મરજી હોય તો. દરેક જણને જે તમારી મર્જીર હોય (મહેરબાની કરીને) એમ કહો, ને ગ્રહસ્થ માણસને હા સાહેબ, ને બાઇ સાહેબને હા બાઇ સાહેબ કહો.

૨૮. ખેતરમાં ફરવું.

રામુ એક છોકરો હતો જે પોતાની આખી જીંદગાની સુધી ગામડામાં રહેતો. તે શહેર વિષે કંઇ જાણતો નહોતો. તે તમને પોતાના ગામના કોઇ પક્ષી પશુ કે ઝાડનાં નામ કહી શકતો. તે બાર વરસનો હતો. તે ચાલાક છોકરો હતો. તેને રંગુ નામનો પિત્રાઇ ભાઇ હતો જે નવ વરસનો હતો.

રંગુ હંમેશાં શહેરમાં રહેતો હતો. તે ગામડા વિષે કાંઇ જાણતો નહોતો. તે પક્ષી ને પશુ વિષે ઘણું થોડું જાણતો એક વખત તે માંદો પડગો ને પાતળો ને નબળો થઇ ગયો. તેના બાપે તેને ગામડામાં તેના પિત્રાઇ ભાઇ રામુ સાથે રહેવાને મોકલ્યો. તેણે કહ્યું કે ગામડાની હવા સારી હોય છે. તેથી રંગુને ફાયદો થશે.

પહેલાં રંગુ ઘરમાં રહેતો હતો. પણ તે તરત મજબુત ને તંદુરસ્ત થયો. એક સહવારે બે છોકરા ગામડામાં ફરવાને ગયા.

રામુ—રંગુ આજનો દિવસ સારો છે. હમણાં છ વાગ્યા છે. મારી સાથે બહાર ફરવા ચાલ તેથી તને ફાયદો થશે. શહેરમાં જે ચીજો તું જોતો નથી તેવી ઘણી ચીજો તું જોશે. તારી ટોપી ને જોડા પહેર.

રંગુ—અરે રામુ, તારો આભાર માનું છું. હું તદ્દન તૈયાર થઇને આ રહ્યો. આપણે ક્યાં જઇશું ?

રામુ—હું તને સડકે લઇ જઇશ. પછી આપણે ખેતર ઉપર થઇને તળાવ સુધી ચાલીને જઇશું. પછી આપણે પાછા આવીશું. એટલામાં એક કલાક થઇ જશે. પછી તડકો પડશે. હમણાં તદ્દન ઠંડી છે. સૂર્ય ઉગ્યો નથી.

રંગુ—પેલું કેવું મોટું સુંદર ઝાડ છે ? રામુ તે શેનું છે?

રામુ—આ આંબાનું ઝાડ છે.

રંગુ—હું તેનાપર એક પણ કેરી જોતો નથી.

રામુ—ના. આ કેરીની મોસમ નથી. આપણને જુન જુલાઇ સુધી મળશે નહિ.

રંગુ—અરે રામુ. પેલું બેડોળ કાળું પક્ષી ઉડે છે તે શું છે?

રામુ—તે પક્ષી નથી. તે ચામાચેણુ છે. તે પાંખવાળા ઉંદર જેવું દેખાય છે. તે ઘુવડની માફક આખો દીવસ ઉંઘે છે અને રાત્રે આમ તેમ ઉડે છે. તે ચામાચેણુ કોઇ ઝાડ કે જુની દીવાળમાં તેના દરમાં ઘેર ઉડતું જાય છે. પણ તું કેમ ઉભો રહ્યો છે ?

રંગુ—હું ઝાડમાં કાંઇ જોઉં છું. ત્યાં જો. હું ધારૂં છું કે તે વાંદરો હોવો જોઇએ. મેં એક વખત વાંદરો જોયો હતો પણ તે આના જેવો નહોતો.

રામુ—હા ? હવે હું તેને જોઇ શકું છું. તે તેના ડાબા હાથથી ડાળીને પકડી રહ્યો છે. પોતાની પીઠપર હવામાં તેણે તેની પુંછડી પકડી છે. તે આપણી તરફ જોય છે. હા, તે હનુમાન વાંદરો હોય છે.

રંગુ—હું પૈડાંનો અવાજ સાંભળું છું. અહીંઆ ગાડી આવે છે.

રામુ—હા, રસ્તાની એક બાજુએ ચલો આપણે જોઇએ.

મેં આવી સુંદર મોટી ગાડી કદી જોઇ નથી. એમાં કોણ છે?

રંગુ—રામુ, હું તને તે કહીશ. એ રાજા સાહેબ છે. તે શહેરમાં રહે છે. હું તેને વારંવાર તેની ગાડીમાં જોઉં છું. તે અહીંઆ કોઇ મોટા માણસને મળવા આવ્યા છે. તે સહવારના ફરવા નીકળ્યા છે. તે ઘણા પૈસાદાર છે ને તે ઘણા મોટા ઘરમાં રહે છે.

રામુ--વારૂ, ચાલો આપણે રસ્તો છોડીને જઇએ. ચાલો આપણે ખેતર ઓળંગીને જઇએ. આ તળાવ છે. તું તે જોઇ શકે છે.

રંગુ--ઝાડપર પેલું સુંદર મોટું પક્ષી કયું છે? મેં અગાઉ આવું સુંદર પક્ષી કદી જોયું નથી.

રામુ—હા, રંગુ. તે ખુબસુરત પક્ષી છે. એ મોર છે. આપણે તેને પક્ષીની રાણી કહીએ છીએ જુઓ તેની પુંછડી તદ્દન લીલી ને સોના જેવી છે. તે આપણા ઘરની પાસે ઝાડ પર વારંવાર બેસે છે. આપણે તેને દાણા ખવાડીએ છીએ. તે ઘણું પળાય એવું છે. તે નીચે ઉડીને દાણા ખાય છે.

રંગુ—મેં મોર વિષે વારંવાર સાંભળ્યું છે પણ મેં અગાઉ એક પણ જોયું નથી. અરે! શું થયું? તું મને પાછો કેમ ખેંચે છે.

રામુ--રંગુ, રંગુ, પાછો આવ. જલદી કર. તારી પાસે સાપ જોતો નથી. પાછો ચાલ. પાછો ચાલ.

રંગુ—હા, હા, તે કેવો ફુંફાડા મારે છે? મેં લગભગ તેનાપર પગ મુકયો હતો. તે કેવો ગુસ્સે દેખાય છે. તેણે પોતાનું માથું કેવું ઉંચુ રાખ્યું છે.

રામુ—એ ઝેરી સાપ છે. ઘણો મોટો નાગ. જો તે તને કરડયો હોત તો તું મરી ગયો હોત. કોઇ પણ ઉપાયથી બચત નહીં. તે મોટો સાપનો રાજા છે. તેનાથી બહુ દુર રહેજો. તે આ ખેતરમાં એક દરમાં રહે છે. દરેકજણ તેનાથી બીએ છે.

રંગુ—તેં મને પાછો ખેંચ્યો તેથી હું રાજી થયો. હવે આપણે બીજા ખેતરમાં સહીસલામત છીએ. સાપના રાજાને સલામ છે. હું તેને ફરીથી જોવા ઇચ્છતો નથી.

રામુ—રંગુ, પેલું સુંદર નાનું પ્રાણી કયું છે. તે દોડી જાય તે પહેલાં તેને જો. આપણે તેને જોતા નથી એમ તે ધારે છે. તેજ કારણથી તે આટલું શાંત બેસી રહ્યું છે.

રંગુ—ના, મેં તેને આજેજ જોયું.

રામુ—તે સસળું છે. તે ખેતરમાં રહે છે. તે ઘણી ઝડપથી દોડે છે. કેવા મોટા કાન તેને છે. તમે તેને પકડી શકશો નહિ. કુતરા તેને પકડવાને પ્રયત્ન કરે છે પણ તે પકડી શકતા નથી. તે ઘણી ઝડપથી દોડે છે.

રંગુ—રામુ, ખેતરમાં ચાલે છે તે માણસ કોણ છે.

રામુ—તે ખેડુત નરસુ છે. તે ખેતર ખેડવા જાય છે. તે પોતાની સાથે તેના બે બળદ લઇ જાય છે. તે સહવારના પહોરમાં ઘણો વહેલો તેનું કામ કરવા જાય છે.

રંગુ--રામુ, ચાલો આપણે પાછા જઇએ. મહેરબાની કરીને સાપના રાજા પાસે જતા નહિ.

રામુ---અરે નહિ. હું તને પાછો બીજે રસ્તે લઇ જઇશ. આપણે તદ્દન લાંબે રસ્તે ફરવા આવ્યા છીએ.

રંગુ--અરે રામુ. ઝાડ નીચે ઉભું રહેલું પેલું મોટું પ્રાણી કયું છે? આપણે દોડી જઇશું?

રામુ—ના. ના. તે ફક્ત હાથી છે. તે ઘણો જોરાવાર છે. પણ તે તદન પાળી શકાય એવો છે. તે આપણને હરકત કરશે નહિ.

રંગુ—તેના ચહેરા આગળ નીચે લટકતી લાંબી વસ્તુ શું છે?

રામુ—ને તેનું નાક છે. આપણે તેને સુંઢ કહીએ છીએ.

રંગુ—મેં આવું લાંબુ નાક આજેજ જોયું.

રામુ—તે વળી લાંબા હાથ જેવું છે. હાથી એ વડે કોઇપણ વસ્તુ ઉંચકી શકે છે. તેને વડે પાણી પીએ છે. આપણે કાલે સહવારે ફરીથી ફરવા આવીશું. હું મારી સાથે કેટલાંક કેળાં લાવીશ. આપણે તેને ખાવા આપીશું. ચાલો હવે આપણે ઘેર જઇએ.

૨૯. સુર્ય ને ચંદ્રમા.

સુર્યને ચંદ્રને દડાના જેવો આકાર હોય છે. સુર્ય અગ્નિનો મોટો દડો છે. જો સુર્ય નહોત તો સઘળી ચીજો અંધારાવાળી ને ઠંડી હત. કોઇ પણ છોડવો ઉગત નહિ ને બધી વસ્તુ મરી જાત. સુર્યને ચંદ્ર આપણાથી ઘણે દુર છે તેથી તેઓ ઘણા નાના દેખાય છે.

જ્યારે આપણે વિશાળ મેદાનમાં ઉભા રહીએ જે મોટાં ઝાડ આપણાથી દુર છે તે નાના છોડવા જેવા દેખાય છે. પણ જ્યારે આપણે તેને તે જેવાં મોટાં હોય છે તેવા મોટાં જોઇએ છીએ.

આપણે સુર્ય ને ચંદ્ર પાસે જઇ શકતા નથી. ને તેથી તેઓ કેટલા મોટા છે તે આપણે જોઇ શકતા નથી.

ચંદ્રમા રાત્રે પ્રકાશે છે. તેનું અજવાળું ઠંડું હોય છે. ને સુર્યના અજવાળાં જેટલું ચકચકિત નથી.

ચંદ્રને પોતાનું અજવાળું નથી. તેને સુર્ય તરફથી અજવાળું મળે છે.

સુર્યને ચંદ્ર આપણાથી ઘણે દુર છે. તેથી તેઓ નાના દેખાય છે ચદ્રને પોતાનું અજવાળું નથી. તેને સુયં તરફથી અજવાળું મળેછે.

૩૦ છોકરા.

સારો છોકરો હમેશાં સાચું કહેશે ડાહ્યો છોકરો તેના પાઠ સારી રીતે કરે છે. બહાદુર છોકરો જુઠું બોલશે નહિ મજબુત છોકરો નબળાને મદદ કરવાને પ્રયત્ન કરશે.

હેતાળ છોકરો પોતાની માનું કહ્યું માને છે. માયાળુ છોકરો પોતાના નાના ભાઇને મદદ કરે છે. જે છોકરો સારો માણસ થવા ઇચ્છે છે તે એકદમ શરૂ કરશે ને જે તેનાથી બનશે તેટલું સઘળું કરશે.

ઘાસ લીલું હોય છે ને આકાશ ભુરૂં હોય છે.
લીલાં ઘાસ પર આકરી ઝાકળ પડે છે.
સોનું પીળું છે ને રૂપું ધોળું છે.
લોઢું ભારે છે ને પીંછાં હલકાં છે.
માણેક રાતાં છે ને હીરા ચકચકીત છે.
તાંબુ તપખીરીઆ રંગનું છે, ને ખરૂં લોઢું ભુરૂં છે.
દીવસ ઉગતી વખતે વાદળાં ભુરાં હોય છે.

૩૧ ફુલ ને પાંતડાં.

આ ફુલને પાંદડાંનો ઝુમખો છે. ને ઝુમખામાં કેટલીક કળી પણ છે. તે કેવાં સુંદર દેખાય છે. આ ગુલાબનાં ફુલ છે. ગુલાબ ફુલોની રાણી કહેવાય છે. ગુલાબની વાસ મીઠી આવે છે. રાતો ગુલાબ પીળાં ગુલાબ ને ધોળાં ગુલાબ હોય છે. આ ગુલાબ ધોળાં છે.

તમે ચિત્રમાં બે કળી જોશો. કળી મોટી ને મોટી થતી જશે. પછી તે ખીલશે ને ફુલની કળી આવશે. દરેક કળીમાં નાનું ફુલ હોય છે.

ફુલ ને પાંદડાં ઝાડ પર ઉગે છે. પાંદડાં પહેલાં લીલાં હોય છે. પછી તે સુકાવવા માંડે છે, ભુરાં ને પીળાં થાય છે ને જમીનપર પડી જાય છે. કેટલાંક પાંદડા પર તમે ઝાકળનાં ટીપાં જોશો.

૩૨. નાનાં બાળકની રાતની સલામ.

સુર્ય વધારે વખત તેનું અજવાળું આપતો નથી. તારા ડોકીયાં કરવા માંડે છે. એ સઘળાને રાતની સલામ કહેવાનો વખત છે. સઘળા પક્ષી સુઇ ગયાં છે.

નાનાં વહાલાં પક્ષી તમને રાતની સલામ છે.

સહવારનાં અજવાળાં સુધી સારી રીતે ઉંઘો.

મને ખાત્રી છે કે જો તમે શબ્દમાં ગઇ શકતા હોત તો તમે રાતની સલામ કરી દત.

મારાં સુંદર ફુલો તમને રાતની સલામ. તમે ઉંઘી શકતાં નથી ને પેલા સઘળા તારા જે આટલા ચકચકિત રીતે પ્રકાશે છે તે આખી રાત જાગતા રહો છો.

મારાં વહાલાં માબાપ તમને રાતની સલામ.

હવે તમારા નાના છોકરાને ચુમી ભરો.

મારા દુરના ને પાસેના મિત્ર તમને રાતની સલામ.

દરેક જણને રાતની સલામ.

સમાપ્ત.

નોટીસ.

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે ની લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે **મી૦ કરસનદાસ નારણદાસ** બુકસેલરની દુકાને મળશે.

મેકમીલન ન્યુ રીડર્સ પ્રાયમર ભાગ બીજો	૦-૬-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના મીનીંગ	૦-૮-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના મીનીંગ	૦-૮-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના મીનીંગ	૦-૧૦-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના મીનીંગ	૦-૧૪-
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના મીનીંગ	૦-૧૨-૦
સ્ટાર ઓફ ઇન્ડીઆ રીડર્સ બુક	૦-૬-૦
સંસ્કૃત પ્રાયમરની ગાઈડ	૦-૧૦-૦
ભરતખંડનો ઇતિહાસ-સાર	૦-૧૦-૦
પદ્માવતિની વાર્તા	૦-૪-૦
નળાખ્યાન સટી૦ મોદીકૃત	૧-૨-૦
ઇલીયડ બુક પહેલી....	૦-૧૨-૦
સેનફર્ડ મર્ટનના મીનીંગ	૦-૧૨-૦
ધી મીડલ સ્કુલ ઍરિથમેટીક....	૦-૧૪-૦

એ શિવાય બીજી બધી શાળોપયોગી ચોપડીઓ તથા ન્યુ ઓરીયન્ટ ફર્સ્ટથી થર્ડ સુધીના મીનીંગો એ દુકાનેજ મળશે. જથાબંધ લેનારને સારૂ કમીશન આપવામાં આવશે

Published by.
Balubhai Karsandas Narandas, Bookseller
Nanavat SURAT.

Printed by, Narayenrao Laxmanrao Nicum at "Shanker" Printing Press Near Cistern at Chau Bridge, Surat